**રાજયમાં નવા રચાયેલા ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓમાં મધ્યાહન ભોજન યોજનાના મંજૂર હંગામી મહેકમની જગ્યાઓ સન ૨૦૧૮-૧૯માં ચાલુ રાખવા બાબત**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક : મભય-૧૦૨૦૧૪-૨૨૯/૨-આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. 0 5 FEB 2018

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૪-૭-૨૦૧૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની તા.૬-૧-૨૦૧૮ ની દરખાસ્ત ક્રમાંક : મભય-મકમ-ક-૨૦૧૮-૪૭૪

**આ મુ ખ :**

૧/ રાજયમાં નવા રચાયેલા ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓમાં મધ્યાહન ભોજન યોજનાના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગની કુલ- ૯૭ હંગામી જગ્યાઓ સંદર્ભ ક્રમાંક (૧) ઉપર દર્શાવેલ વિભાગના તા.૨૪-૭-૨૦૧૪ ના ઠરાવથી સન ૨૦૧૪-૧૫ માં નવી બાબતે ઉભી કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

**નવ રચિત સાત જિલ્લા માટે મંજુર મહેકમ**

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નાયબ કલેકટર, વર્ગ-૧ | ૭ | ૨ | ૫ | મહિસાગર અને ગીર-સોમનાથમાં જગ્યા ભરાયેલ છે. |
| ૨ | નાયબ મામલતદાર, વર્ગ-૩ | ૭ | ૧ | ૬ | મોરબીમાં જગ્યા ભરાયેલ છે. |
| ૩ | ડ્રાયવર, વર્ગ-૩ | ૭ | ૨ | ૫ | મહિસાગર અને ગીર-સોમનાથમાં જગ્યા આઉટસોર્સીંગથી ભરાયેલ છે. |
| ૪ | પટાવાળા, વર્ગ-૪ | ૭ | ૬ | ૧ | છોટા ઉદેપુરમાં જગ્યા ભરાયેલ નથી. |
| | કુલ.. | ૨૮ | ૧૧ | ૧૭ | |

37. ૧૦૧૯ll
૧૪/૨/૧૮

નવ રચિત ૨૩ તાલુકા માટે મંજુર મહેકમ

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર જગ્યા | હાલ ભરાયેલ જગ્યા | હાલ ખાલી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નાયબ મામલતદાર, વર્ગ–૩ | ૨૩ | ૪ | ૧૯ | સુબેર, પોશીના, શંખેશ્વર અને સરસ્વતીમાં જગ્યા ભરાયેલ છે. |
| ૨ | કારકુન | ૨૩ | ૧ | ૨૨ | પોશીનામાં જગ્યા ભરાયેલ છે. |
| ૩ | પટાવાળા, વર્ગ–૪ | ૨૩ | ૧ | ૨૨ | પોશીનામાં આઉટસોર્સીંગથી જગ્યા ભરાયેલ છે. |
| | કુલ.. | ૬૯ | ૬ | ૬૩ | |

૨/ કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની સંદર્ભ ક્રમાંક (૨) ઉપરની દરખાસ્ત અન્વયે આ નવ રચિત ૭ જિલ્લા કક્ષાએ મંજૂર થયેલ કુલ–૨૮ જગ્યાઓ અને ૨૩ તાલુકા કક્ષાએ મંજૂર થયેલ કુલ–૬૯ નીચે જણાવેલ જગ્યાઓ સન ૨૦૧૮–૧૯ માં (તા.૧–૩–૨૦૧૮ થી તા.૨૮–૨–૨૦૧૯ સુધી) ચાલુ રાખવાની મંજૂરી આપવાની બાબત સકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની મધ્યાહન ભોજન યોજનાના મહેકમની ૭ જિલ્લા કક્ષાની કુલ–૨૮ તેમજ તાલુકા કક્ષાની કુલ–૬૯ ભરાયેલ તેમજ ખાલી હંગામી જગ્યાઓને સને ૨૦૧૮–૧૯ માં (તા.૧–૩–૨૦૧૮ થી તા.૨૮–૨–૨૦૧૯ સુધી) ચાલુ રાખવાની મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

**શરતો**

(૧) આ જગ્યાનો ખર્ચ વિભાગની આ હેતુ માટેની સન ૨૦૧૮–૧૯ ની અંદાજપત્રિય જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

(૨) નાણા વિભાગ ધ્વારા છુટી કરવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) હંગામી જગ્યાઓ જે હેતુ માટે મંજુર થયેલ હોય તે જ હેતુ માટે તે જગ્યાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) હંગામી જગ્યાની મુદત પુરી થવાના ૨ માસ અગાઉ જગ્યા ચાલુ રાખવાની જરુરીયાત હોય તો પુરતા વાજબીપણા સાથે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

(૫) એક વર્ષ કરતા વધારે સમયથી ખાલી જગ્યા એબેયન્સમાં મૂકવાની રહેશે અને ૩ વર્ષ કરતા વધારે સમયથી ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ માંગણી નં.૯, પ્લાન, મુખ્ય સદર–૨૨૩૬–પોષણ–પેટા મુખ્ય સદર–૦૨–પોષણ યુક્ત આહાર અને પીણાનું વિતરણ–ગૌણ સદર–૧૦૨–મ.ભો.યો (૦૧)–એમડીએમ–૦૧–સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો. (આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી (શિક્ષણ) ની તા.૩–૨–૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી છાયા પટેલ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા કલેકટરશ્રી,અરવલ્લી, ગીર–સોમનાથ, છોટા ઉદેપુર, મહીસાગર, મોરબી, દેવભૂમિ દ્વારકા અને બોટાદ (કમિ.શ્રી, મ.ભો.યો. મારફત)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિ.શ્રી, મ.ભો.યો. મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારુ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ